# એક

બારી પાસે, દિવસ દરમિયાન ક્યારેક કબૂતરો સ્વજનની જેમ પધારે છે. સાંજ પડ્યે દૂર આકાશમાં સમડીઓ સેલારા લે છે. તેને જોઈ મને વિચાર આવે છે શું શોધતી હશે આ સમડીઓ આખો વખત નીચે, ધરતી પર? ચોક્કસ પોતાનો પડછાયો શોધતી હશે. શિકાર પોતાના જ પડછાયાનો?! સમડી મને સમય જેવી લાગે છે અને આપણે સમયનો પડછાયો. માનવઅસ્તિત્વની આંટીઘૂંટીમાં એક વાત સમજાય છે કે સમય આ બધો ખેલ કરે છે! કોઈ ખરાબ નથી. કોઈ સારું નથી. બધાં બિચારાં છે.

કવિ જોસેફ બ્રોડસ્કીને રશિયાએ 1972માં દેશનિકાલ કરેલા. તે કંઈક જુદી રીતે જુએ છે. સ્થળ–સમયને ભાષા સાથે જોડે છે. સ્થળ કરતાં સમય મહાન છે ને સમય કરતાં ભાષા. વતનવિચ્છેદની વેદના એક પંક્તિમાં જ મૂકી દે છે.

*'આજકાલ મારી બારીમાંથી કોઈ પક્ષી ઊડતાં નથી.'*

– અને તે મૌનનું શરણ લે છે. બ્રોડસ્કીને દીકરાને અને તેની માને છોડીને જવાનું થાય છે. દીકરાના નામ પાછળ પોતાનું નામ–અટક રાખતા નથી જેથી રશિયન સરકાર તેને હેરાન કરે નહીં. છતાં તે આ અંગે આક્રોશ વ્યક્ત કરતા નથી. તે દારુણ વેદનાને પોતાની ભીતર સઘન કરે છે. અને તે ઘટનાને અતિક્રમી જાય છે. ભાષા અને મૌનથી સમયની ધારને જાણે બૂઠી કરી નાખે છે. બારી પાસે બેસીને બ્રોડસ્કીની આ વાત સમજવા હંમેશાં મથું છું.

પણ આજકાલ આકરો ઉનાળો છે. બધો વખત બારી ઉપર 'વેનિશિંગ બ્લાઇન્ડ' ઢાળેલું રાખવું પડે છે. પડદા કરતાં આ નવી વ્યવસ્થા કંઈક અનુકૂળ લાગે છે, કારણ કે તેને સહેજ અર્ધખુલ્લા રાખી શકાય છે. બે પટ્ટી વચ્ચે આકાશ ચૂપચાપ પ્રવેશી આલિંગન કરવા હંમેશાં તત્પર હોય તેમ લાગે છે. હવે તે નાનકડી જગામાંથી

ક્યારેક પંખી દેખાય છે, ક્યારેક પાંખ, ક્યારેક ચાંચ અને ક્યારેક નહોર. પંખી જલદી પારખી શકાતું નથી. એ કબૂતરની જેમ નજીક હોય કે સમડીની માફક દૂર, શું ફેર પડે છે? અનાગત સમય પણ આપણી તરડોમાંથી ડોકિયાં કરતો હશે ત્યારે આમ જ પાસે હશે કે કે દૂર? કોણ જાણે.

પંખીની પછવાડે કવિની એક પંક્તિ ટાંકવા જેવી છે. 'સ્ટોન વિલેજ' નામના એક કાવ્યમાં બ્રોડસ્કી અંતે કહે છે :

*'જેમ પંખી નાનું થતું જાય. તેમ તેનું ગીત વધુ સ્પષ્ટ સંભળાતું જાય છે.'*

સ્થળ–કાળનિરપેક્ષ આ સમયનું પંખી જેમ દૂર જાય છે તેમ તેનું ગીત એટલે કે ભાષા વધુ પ્રસ્તુત બને છે. આખી પરંપરાને જીવતી રાખે છે ભાષા. ભલે તે બદલાતી હોય. નોબૅલ–સ્વીકૃતિના વક્તવ્યમાં આ વાત તેઓ ખૂબ ખૂબીથી કરે છે :

*"મને ફરીથી કહેવા દો, કવિ માટે ભાષા તેના અસ્તિત્વનો પ્રશ્ન છે. અથવા મારા પ્રિય કવિ ઑડન કહે છે તેમ, કવિ ભાષા દ્વારા જીવે છે. અત્યારે હું આ વાક્યો લખી રહ્યો છું, પણ કાલે નથી રહેવાનો, તેમ વાચક પણ નથી રહેવાનો. પણ જે ભાષામાં તેનું સર્જન થયું છે, જે તમે વાંચો છો, તે રહેશે. એટલા માટે નહીં કે ભાષા માણસથી વધુ લાંબો સમય જીવિત રહે છે, પણ એટલા માટે કે ભાષા રૂપાંતરણ (mutation) માટે સક્ષમ છે."*

બારી અને પંખીના નિમિત્તે આ તો સમયની અને ભાષાની વાત છે. મારી બા હંમેશાં કહેતી કે બેટા, બારી હંમેશાં ખુલ્લી રાખવી. આપણા આ નાના ઓરડામાં હવાની અવરજવર આપણું સ્વાસ્થ્ય સારું રાખે. ગરમી, ઠંડી, પ્રકાશ, પવન કેટકેટલું આવે–જાય તેથી. તે વખતે મને ગમ પડતી નહીં. આજે સમજાય છે, બારી ખુલ્લી રાખવી એટલે શું? અને તેમાંથી જોવું એટલે શું? પંખીનું હોવું એટલે શું? બારી પાસે બેસી પંખીને જોવું એટલે શું?

પણ બારી તો આ બધું જુએ છે અને દેખાડે છે. ચૂપચાપ. દેશવટો ભોગવતા બ્રોડસ્કી બારી પાસે અંધારામાં બેસી રહે છે અને લખે છે :

*'–અને કળવું અઘરું છે, કયો અંધકાર ખરાબ છે : અંદરનો કે બહારનો.'*

તેથી જ તે દેશવટાનું સ્થૂળ અર્થઘટન ના ધરાવતાં તેને પોતે જ આપેલો પોતાની જાતનો જાતવટો યાદ કરે છે, ઘર વગરના તમામ માનવીઓને યાદ કરે છે, છેલ્લે યાદ કરે છે મૃત્યુને. તેય એક દેશવટો જ છે ને! બારી માત્ર સ્મૃતિનો ઝરૂખો નથી, અતીત ઉપરાંત તે ભાવિને ચીંધે છે.

દૂર દૂર ઊડતાં પંખીઓ આજે બહુ નજીક લાગે છે, કારણ મારી આ બારી હશે કે પછી બ્રોડસ્કીનાં કાવ્યો? આમ તો એય એક શોધનો જ પ્રશ્ન છે ને? આકાશમાં ચકરાવો લેતા કોઈ અજાણ્યા પંખીની જેમ?

●●●

# બે

બારી પાસે બેસીએ ત્યારે સૌ પહેલાં તો એક ખાલીપાનો અનુભવ થાય છે. જાણે કશુંક આપણામાંથી ઓછું થઈ ગયું હોય તેની આપણને એકાએક ખબર પડે છે. પછી તરત અતીતમાં સરી જવાય છે અને ત્યાર બાદ બારી બહારનું જે કંઈ હોય તે ગમવા લાગે છે. ખાસ કરીને આકાશ. તે આપોઆપ છવાઈ જાય નજરમાં અને ધીરે ધીરે મનમાં તે સરી જાય ને પછી પંડમાં... પછી કોણ જાણે એક વિષાદ ઘેરી વળે અને તેનું શૂળ ગમવા લાગે... વીતેલાં વર્ષોની જેમ.

બારી પાસે ઋતુએ ઋતુએ અલગ અનુભવ થતો હોય છે. અરે, દિવસના દરેક સમયે જુદી રીતે બહારની પ્રકૃતિ જોવા મળે છે. જો કે બધો આધાર આપણે કેમ જોઈએ છીએ તેની ઉપર હોય છે. જ્યારે બહાર ધોધમાર વરસાદ વરસતો હોય અને બહારના વરસાદની થોડીક વાછટ આપણાથીયે અજાણે સરી જતાં આંસુમાં ભળતી હોય ત્યારે બારી તો નિમિત્ત બની જતી હોય છે. જે સ્વજને કાળના નહોર ઉપર શીતલ સ્પર્શ કર્યો હોય તે અનાયાસ યાદ આવી જાય. જે ભુલાઈ જતું હોય છે આપણા મનના પડળમાં તે અચાનક બહાર આવે છે, બારી પાસે.

બારી છે તો આકાશ હશે જ, તેવો સધિયારો સતત રહે છે. સવાલ બસ તેના ભણી એક પગલું ભરવાનો હોય છે. શ્રી અરવિન્દના એક કાવ્ય ‘ધ લિટલ મોર’ની અંતિમ પંક્તિની જેમ ‘...અ સ્ટેપ, ઍન્ડ ઑલ ઇઝ સ્કાય ઍન્ડ ગૉડ’. સ્વથી સમષ્ટિ સુધીનું આ બારી તરફ પગલું છે. કોઈ વિરલાઓ સાચા અર્થમાં બારી તરફ પગલું ભરી તેની પાસે બેસતા હોય છે!

બારી પાસે બીજી અનુભૂતિ પ્રેમની થતી હોય છે. કેવો પ્રેમ? મીરાં કહે છે, ‘ઊંચે ઊંચે મહલ બનાઉં બીચ બીચ મેં રખૂં બારી’ – ઐશ્વર્ય પાછળની દોડમાં આપણે નાનકડા ઘરનેય દુર્ગ બનાવી દઈએ છીએ ત્યારે આ બારી જ એકમાત્ર બચાવે છે, આપણને આપણાથી. બારી જેમ આપણા માટે અરીસો અને દૂરબીન

છે તેમ તે આપણી પરંપરા સાથે જોડનારી કડી છે જે આપણને ભવિષ્યની ક્ષણો સાથે જોડે છે.

આઇરીશ કવિ સીમસ હીનીનું એક સરસ કાવ્ય છે – 'ફોલોવર'. તે રૂમમાં બારી પાસે કંઈક લખતા બેઠા છે, અને તે બહાર જુએ છે. બટાકાના ખેતરમાં બટાકા ખોદતા બાપુજીની પૂંઠ દેખાય છે. કવિ જોઈ રહે છે એ ખેડૂત પિતાને અને કહે છે...

*'શૈશવમાં હું હંમેશાં*
*બાપુજીના વિશાળ પડછાયામાં*
*તેમની પાછળ પાછળ આખા ખેતરમાં ફરતો.*
*પણ આજે,*
*તે મારી પાછળ લથડતાં લથડતાં ચાલતાં રહે છે,*
*અને કદી હટશે નહીં.'*

બાળક હોઈએ ત્યારે આપણે આપણી પરંપરાને અનુસરીએ છીએ, જેમ પિતાને અનુસરતું સંતાન. પછી મોટા થઈને અને કદાચ એ વડીલો ના હોય ત્યારે પણ આપણને લાગે છે જાણે તેઓ આપણી પાછળ પાછળ હજુ ચાલે છે. વાત તો પરંપરાની અને વારસાની છે, માનવીય આનુવંશિકતાની છે.

માનવઇતિહાસમાં ત્રણ મહાન ક્રાંતિકારી શોધ છે : અણુ (atom), બાઇટ (byte) અને જિન (gene)ની શોધ. આ ત્રણેમાં જિનની શોધ સૌથી વધુ મનુષ્યના અસ્તિત્વ સાથે અનુબંધ ધરાવે છે. જિન એ માનવઇતિહાસની કડી છે. કવિ સીમસ હીની આ પરંપરાનું અનેરું મહત્ત્વ આંકે છે. એક લઘુકાવ્યમાં એ પ્રતીકાત્મક રીતે પોતાના વારસા વિશે વાત મૂકે છે :

*'પંથક છે ભયંકર*
*છતાં આ વર્ષે બરફવર્ષાનો સામનો કરું*
*પિતાની લાકડી વડે.'*

પિતાની આ લાકડી પરંપરાની અને સંસ્કૃતિનું પ્રતીક છે. તે વડવાઓની ટેકણલાકડી છે. એટલે જ મસમોટા બરફના તોફાન સામે તેનાથી ઝઝૂમી શકાય છે. બારી પણ આપણી ટેકણલાકડી છે, તેની ભલે સભાનતા ન હોય પણ તે આખા આકાશની આંખ બની શકતી હોય તો આપણી કેમ નહીં!

●●●

# ત્રણ

બારી પાસે હોવાનો એક વિશેષ લાભ હોય છે. બેય તરફ જોઈ શકાય. અંદર અને બહાર. એટલે બારી પાસે હોવું એટલે જાત પાસે હોવું. એકીસાથે અંદર અને બહાર જોઈ શકાય. શ્રીમદ્ રાજચંદ્ર શતાવધાની હતા. એકીસાથે સો ક્રિયાને સાથે સાથે પ્રમાણી શકતા. પછી તેમણે એ પ્રયોગો છોડી દીધા, કારણ કે તે આત્મજ્ઞાની હતા. એટલે જ અંદર જોતાં જોતાં જ સમગ્રને જોવું. બારી પાસે હોવાનો અર્થ આમ જ ખૂબ વ્યાપક છે. આપણી આંખો, આપણું ભીતર પણ એક બારી જ છે ને!

બારીમાંથી બિલાડી કે બુલબુલ અવારનવાર બેરોક અંદર આવે અને પાછાં અંદરથી બહાર ચાલ્યાં જાય, જાણે તે બારીનો શ્વાસ હોય એમ. પણ ઘડીક બારી પાસે જે હોય તેમને સમજાય, આ સહજ વહેતી ક્ષણો. જે ક્ષણો, બારી પાસે સહજ પસાર થાય છે તે કેવી દુર્લભ વસ્તુ છે! બારી સ્થિર રહે છે, આપણે જ્યાં સરી જવું હોય ત્યાં સરી જવાય છે. તે કશુંય રોકતી કે ટોકતી નથી, એ માત્ર ચૂપચાપ સઘળું જોયા કરે છે. આપણી અંદરના અજાણ્યા શખ્સની જેમ.

બારી પાસે હોય તેને ખબર પડે છે, તેમાં જાળી હોવી કેટલી વસમી બાબત છે. વર્ષો પહેલાં ઑરોવિલમાં રહેલો તે ઘરની બારીને અને બારણાને દરવાજા જ નહોતા. નાનું અને ઘાસનું એ ખોરડું મોટો મહેલ પણ ન આપે તેવી સુખમય પળો આપતી. કારણ કે બારીને જાળી અને તેને વાસવાના દરવાજા નહોતા. આપણે કોણ જાણે જન્મ્યા હતા નગ્ન અને મરતાં સુધીમાં અવિરત આવરણો વધારતાં ગયાં. કપડાંનાં આવરણ તો સમજી શકાય પણ વિચારોના ખડકલાનું શું? બારી પાસે હોવું એટલે આ આવરણોથી મુક્ત થવું.

પરદેશમાં કોઈ એક શહેરમાં ઘરોની બારીમાં જાળી ન જોઈ ખુશ થઈ ગયાનું આજેય સ્મરણ છે. હમણાં ડૉક્ટરના આગ્રહથી અમારા ઘરમાં બિલાડી બે

સળિયાના અવકાશમાંથી પ્રવેશે નહીં માટે, અમે બે વચ્ચે ત્રીજો સળિયો વેલ્ડિંગ કરાવી દીધો. બિલાડી તો ના આવી શકી પણ ત્યારથી અમે પાંજરામાં હોઈએ તેવો અનુભવ ભયંકર છે. એ નાની જગામાંથી બિલાડીએ આવવાનો બહુ પ્રયત્ન કર્યો. બારી પાસે બેઠેલી એ બિલાડીની આંખોની લાચારી, કાકલૂદી જોઈ આંખમાં પાણી આવી ગયું. હું પ્રાણીમાંથી મનુષ્ય ના જ થયો. તે નાનકડા જીવને અંદર ના આવવા દીધો પણ તેણે મુક્તિનો એક રસ્તો ચીંધ્યો તો ખરો. એક બારી હંમેશાં આપણી રાહ જોતી હોય છે. મુક્તિનો દરવાજો બનવા તે તડપતી હોય છે. પણ... તેથી હવે બારી પાસે હોવાનું સદ્‌ભાગ્ય પણ ગમે તેવું નથી.

વેસ્ટઇંડિઝના કવિ ડેરેક વોલ્કોટે એક કાવ્યમાં આપણી જાત માટે ફુરસદ કાઢવા અને તેની સાથેની મથામણની સહજ વાત એક કાવ્યમાં કરી છે. બારી આમ જ જાત સાથે ઘડીક ફુરસદે બેસવાની પળો સર્જે છે. તેના માટે ભાગ્યે જ આપણે સભાન હોઈએ છીએ. એક સુંદર કાવ્ય 'લવ આફ્ટર લવ'માં કવિ આ સ્વ–શોધની પ્રક્રિયાને કેવી જુદી રીતે કંડારે છે તે જોવા જેવું છે :

*'એક સમય આવશે*
*જ્યારે, ગર્વથી*
*તમે, તમને જ આવતા સત્કારશો*
*તમારા જ દ્વારે, તમારા જ દર્પણમાં*
*અને તમે એકબીજાને સ્મિત આપતાં કહેશો, ભલે પધારો*
*અને કહેશો, અહીં બેસો. જમી લો.*
*તમે ફરી એક વાર તે અજાણ્યાને પ્રેમ કરશો જે તમે જ છો.*
*તેને ચા-નાસ્તો આપો. તેને તમારું હૃદય પાછું આપો.*
*તેને માટે, જે અજાણ્યો જણ જે તમને પ્રેમ કરતો રહેશે*
*તમારી આખી જિંદગી, જેની તમે અવગણના કરી હતી*
*બીજાઓ માટે. તે તમને હૃદયથી ઓળખે છે.*
*કબાટમાંથી પ્રેમપત્રો,*
*ફોટોગ્રાફ્સ, અકળાવી મૂકે તેવી નોંધો, બહાર કાઢો,*
*આરસીમાંથી તમે તમારી પોતાની છબી ઉતરડી નાખો.*
*બેસો નિરાંતે. તમારા જીવનની ઉજાણી માણો.'*

એકવીસમી સદી જ્ઞાનની સદી છે એમ બધા કહે છે પણ આ જ્ઞાન મેળવવાની હોડમાં જ્ઞાન અને માહિતી વચ્ચેનો ભેદ આપણે વીસરી જઈએ છીએ અને યંત્ર સાથે યંત્ર બનતા જઈએ છીએ ત્યારે એક આ બારી આપણને બચાવે એમ

છે. બારી અને કવિમાં બહુ સામ્ય છે. બંનેને આવતી કાલમાં શ્રદ્ધા હોય છે. આપણા કવિ નિરંજન ભગતની વાત અંકે કરવા જેવી છે. એ મંત્ર અને યંત્રની વાત કરતાં બંનેને પર્યાયરૂપ માને છે. એ માને છે કે "યંત્ર એ મંત્ર જેવું અને જેટલું જ મનુષ્યનું સર્જન છે. મંત્ર શ્રવણગમ્ય સર્જન છે, યંત્ર ચક્ષુગમ્ય સર્જન છે. પણ યંત્ર એ મંત્ર જેવું અને જેટલું જ આધ્યાત્મિક સર્જન છે. એથી યંત્ર એ મંત્ર છે... એથી દૂર–અદૂરના ભવિષ્યમાં યંત્રવૈજ્ઞાનિક સમાજ અને સંસ્કૃતિ એટલે કે વૈશ્વિક સમાજ અને સંસ્કૃતિનું અનિવાર્યપણે નિર્માણ થશે. હવે પછી રવીન્દ્રનાથનું વૈશ્વિક માનવતાવાદનું સ્વપ્ન અને ગાંધીજીનું વિશ્વબંધુત્વનું સ્વપ્ન યંત્રવિજ્ઞાન દ્વારા સાકાર થશે."

પદાર્થ એ શક્તિનું જ રૂપ છે. એનો જ સંચય છે. ધીરે ધીરે મુક્ત થતો હોય છે. આઇન્સ્ટાઇને પ્રતિપાદિત કર્યે આશરે સદી ઉપર થઈ ગઈ, $E = mc^2$. આપણાં ઉપનિષદોમાં પણ ગર્ભિત નિર્દેશ છે. બારી વાટે આ પદાર્થ અને શક્તિની અવિરત લીલા ચાલતી જોવાનો લહાવો આપણને જાણે વારસામાં જ મળ્યો છે!

●●●

# ચાર

આજે બારીમાંથી આકાશ દેખાતું નથી. આ ઘેલાં વાદળો અને વરસાદ વચ્ચે દૂર દૂર દેખાય છે. ઝાંખાંપાંખાં માથાભારે મસમોટાં મકાનો જાણે ધરતી ઉપર જડી દીધેલા ખીલા! નજરને તે વાગે છે. એટલે નજર ફાંફાં મારે છે કંઈક શોધવા. ત્યાં અચાનક એક માખી ઊડતી આવી બારી વાટે. બારી જાણે ખીલી ઊઠી. પણ હું અણગમાથી અંદર પ્રવેશતી માખીને જોઈ રહ્યો. આ વળી કયા રોગનું વહન કરતી ધસી આવી? મનમાં થયું, ‘એ તો, એ કહે તો જ ખબર પડે ને?’ એવું મારી અંદરના વિજ્ઞાનના વિદ્યાર્થીએ વિચાર્યું.

પ્રશિષ્ટ અને આધુનિક વિજ્ઞાનનો એ જ ફેર છે. પહેલાં નિરીક્ષક, ઘટનાની બહાર હતો, અને બહારથી નિરીક્ષણ કરતો. આધુનિક વિજ્ઞાની આઇન્સ્ટાઇનની રિલેટિવિટીની શોધ પછી એક મોટો ફરક પડ્યો તથ્યોમાં, તેનાં ગૃહીતોમાં. પછી નિરીક્ષક પોતે પણ નિરીક્ષણનો ભાગ બન્યો. તેથી તથ્યો વધુ યથાર્થ બન્યાં. હું બારી અને તેમાંથી પ્રવેશતી માખી જાણે બ્રહ્માંડનો જ એક હિસ્સો છીએ ને! એ વાત, બારીના લીધે હવે સમજાવા લાગી છે.

પરંતુ આપણને આપણાં જ ગૃહીતોની પડી હોય છે. ભલા આ નાનકડા જીવને શી ખબર એ ક્યાં ક્યાં ફરી આવી હશે? એને મન તો આખી સૃષ્ટિ એનું ઘર. એ તો પવનની સાથે જાણે નિરુદ્દેશે ભમતી હોય છે, પવન જ્યાં લઈ જાય ત્યાં. મને હવે તેની ઈર્ષા થવા લાગી. જાણે બારી પાસે બેસીને, પોતાનાં જ ગૃહીતોનો પુન : વિચાર કરીને, કદાચ પોતાનાં જ બંધનોમાંથી મુક્ત થવાતું હશે. અચાનક મને માખી ઉપર વહાલ ઊમટી આવ્યું.

માખી ઉપર રાવજી પટેલની એક કવિતા યાદ કરવા જેવી છે. રાવજી એક કાવ્યમાં એકલતા અને અસ્તિત્વના ભેંકાર અનુભવને કેવી સહજ વાચા આપે છે એક માખીના નિમિત્તે!

*"ઢીંચણ પર માખી બેઠી ને*
*મને રડવું આવ્યું.*
*હેં... તું કેટલાં બધાં વર્ષો પછી*
*પાછી આવી?"*

મારી બારીમાંથી પ્રવેશેલી આ માખી રાવજીની જ માખી લાગે છે. નહીં તો એ મારા ખભા ઉપર બેઠી ના હોત ને! આપણને બારીની બારસાખ ઉપર હડપચી મૂકીને આખું જગત જોવાનું કેવું ગમે છે! વિસ્મય જ આ બારીનું પ્રધાન લક્ષણ છે. એટલે જ કદાચ બારી ગમે છે. ઘર, ઘર બને છે કદાચ આ બારીને લીધે.

જો કે જ્યારે વરસાદ ન હોય ત્યારે માખીઓ ઉપરાંત કાબર, કબૂતર ને કાગડા સદા હરતાંફરતાં હોય છે. આ બારીની આસપાસ જ્યારથી આ સમડીઓ સેલારા મારવા લાગી છે, ત્યારથી એ બધાં દરરોજનાં પંખીમિત્રો જાણે ડરી ગયાં છે. વરસાદી દિવસોમાં સમડીઓ ઓછી દેખાય છે. આ મસમોટાં મકાનો વચ્ચેના અવકાશમાં ઊડતી સમડીઓ પાંખ સ્થિર રાખી તરતી હોય છે, તે પક્ષી હોવા છતાં એક ગ્લાનિ પેદા કરે છે, આજકાલ એટલે બારી ઉદાસીન ભાસે છે. તરત કહેવાનું મન થાય છે કે બારી ઉદાસીન છે તેથી હું પણ ઉદાસીન છું કે પછી હું ઉદાસીન છું તેથી બારી કે બારી વાટે પ્રવેશતું આ જગત પણ! બારી પાસેના છોડ પર ફરફરતું પતંગિયું ક્યારે અંદર આવે તેની રાહમાં અમે બેય બેઠાં છીએ જાણે સદીઓથી. આ સમયપટમાં બારી અને હું જાણે કોશેટો લાગીએ છીએ. કશુંક પ્રગટે, કશુંક વહે તો વાત બને. બારી તો આવનારા નવસર્જનને ચીંધે છે.

બારી પાસેથી માત્ર દશ્યો જ નથી દેખાતાં, અવાજો પણ પ્રવેશે છે. ચૂપચાપ સવારના છની આસપાસ બારી પાસે એક પંખી દરરોજ ટહુકી ઊઠે છે, ત્યાર પછી આસપાસના જગતના અપરંપાર ધ્વનિ જાણે–અજાણે ચિત્તમાં અડ્ડો જમાવી દે છે તેની ભાગ્યે નોંધ લેવાતી હોય છે. બસ, બારી પાસે રમતાં બાળકોની આનંદી ચીસો મને અંદરથી કશુંક સુખ આપે છે. તેની પાસે કદાચ આવતી કાલ હું ન પણ હોઉં, શક્ય છે જે બાળકો તેની પાસે રમે છે તે મોટાં થઈને ચાલ્યાં જશે દૂરદૂર. બને એવું, મારી જગાએ તેમાંથી કોઈ બેઠું હશે અને બારી પાસે બીજાં બાળકો રમતાં હશે. આપણે હોઈશું કે નહીં હોઈએ, બારી કાયમ રહેશે. માણસની પ્રતીક્ષામાં કવિવર રવીન્દ્રનાથ એક કાવ્યમાં મહાસાગરના કિનારે રમતાં બાળકો જોઈ રહે છે :

*"જગત પારાવારેર તીરે*
*છેલેરા કરે મેલા..."*

કદાચ, આ બારી સ્થિર નથી. તેની પાસે જાણે સમયનો એક મહાસાગર ઘૂઘવે છે અને આપણે બાળક બની તેની પાસે જાણે આનંદથી છબછબિયાં કરીએ છીએ.

●●●

# પાંચ

બારી, સવારથી જાણે બિલાડીની રાહ જોઈને થાકી છે. હજુ પેલી બિલાડીનું બચ્ચું પણ આવ્યું નથી. તે મ્યાઉં સાંભળવા એકચિત્તે છે, ત્યારે દૂર કોયલનો અવાજ તેને રાહત આપે છે. આજકાલ સામેના ઘરની બાલ્કનીમાં તો મોરય આવીને કળા કરી જાય છે. માણસ કેમ નહીં સમજતો હોય આ બારી પાસે હોવાની ધન્યતા! ક્યારેક લાગે છે, બારીને સામેના ઘરની બારીને જોવાનું ગમતું હશે!

ઘર માત્ર નહીં, ટ્રેન, બસ કે વિમાનની બારી હંમેશાં કેમ ગમે છે તે આ બારીપણાના અનુભવે સમજાય છે. હા, એ વાત સાચી કે તેની બહાર જોવાનું બધાને ગમતું હોય છે. ખાસ કરીને પ્રવાસમાં હોઈએ ત્યારે. ગમે તે ઉંમર હોય, બારી પાસે બેસવાનું ગમે છે. ગમે તેટલી ભીડ હોય, બસ એક બારી મળી જાય તો ભયોભયો. ટ્રેનમાં બારી પાસે બેસવાની ઓર મજા હોય છે. દૂર દૂરનાં દશ્યો સાથે દોડે, જાણે મિત્ર હોય તેમ. એમાં વળી પવન અને પ્રકાશની રમઝટ આપણી આસપાસ ચાલ્યા કરે, પણ સૌથી વધુ મજા જાતભાતના અવાજો સાંભળવાની હોય છે. એક લયબદ્ધ અવાજ જાણે આપણો શ્વાસ પણ તેની જોડે તાલ મિલાવતો હોય તેમ રિધમમાં ચાલ્યા કરે આપણી જાણ બહાર. ઉમાશંકર જોશીનું એક કાવ્ય ‘માઈલોના માઈલો મારી અંદર’ માણવા જેવું છે. સર્જકચેતના બૃહત્ થતી જાય અને આ લયમાં કેટલું બળ છે, તે જોવા જેવું છે.

*“માઈલોના માઈલો મારી અંદર પસાર થાય છે.*

*દોડતી ગાડીમાં હું સ્થિર, અચલ.*
*પેલા દૂર ડુંગર સરી જાય અંદર ડૂબી જાય*
*મજ્જારસમાં, સરિતાઓ નસોમાં શોણિતના*
*વહેણમાં વહેવા માંડે, સરોવરો*
*પહોળી આંખોની પાછળ આખાં ને આખાં*

*ડબક ડબક્યાં કરે.*
*વિશ્વોનાં વિશ્વો મારી આસપાસ પસાર થાય છે.*
*ઘૂમતી પૃથ્વી ઉપર હું માટીની શૃંખલાથી બદ્ધ.*
*એકમેકની આસપાસ ચકરાતા ક્વાસાર, નિહારિકાઓ,*
*આકાશગંગાઓ, નક્ષત્રોનાં ધણ, ચાલ્યાં આવે."*

બારી કોઈની પણ હોય, એ હંમેશાં કશુંક અવનવું ચીંધતી હોય છે. ટ્રેનની બારી સૌ કોઈ માટે અજ્ઞાતને જોવા જાણે આહ્વાન આપતી હોય છે. મોટા ગજાના સર્જકો કેવી અનુભૂતિ કરતા હશે તે જાણવું રસપ્રદ છે. રવીન્દ્રનાથનો એક અનુભવ ટાંકવા જેવો છે. એક વાર એ ટ્રેનમાંથી પસાર થતા હોય છે, બારી બહાર નજર પડે છે. સુંદર ફૂલોની ક્યારીઓ નજરે પડે છે. તેમને વિચાર આવે છે કે થોડાક મહિનામાં ઋતુ બદલાશે ને આ સુંદર ફૂલો ખરી પડશે – અને આ દશ્યે તેમના મનમાં ચેતનાનો એવો સંચાર કર્યો કે તેમણે 'ચિત્રાંગદા' નામે એક નાટ્યકાવ્યનું સર્જન કર્યું!

આમ જોઈએ તો બારીને બહાર શું અને અંદર શું? એ તો સદાકાળ બારી જ છે અને રહેશે, પણ બારી આપણી ચેતનાને સક્રિય કરે છે. સૃષ્ટિની નજીક લાવે છે. જો સભાન હોઈએ તો આપણાં બંધ બારણાં ખોલી કાઢે છે. એ તો બસ આટલું જ કરે છે, જાગી જવા માટે સહેજ મદદ કરે છે, સમગ્ર જીવસૃષ્ટિને, ભલે તે કેવળ એક નાનીઅમથી બારી કેમ ના હોય!

રવીન્દ્રનાથની બાલ્યાવસ્થાનો એક જાણીતો પ્રસંગ છે. મોટા ઘરનાં સંતાનો નોકરોની વચ્ચે ઊછરતાં હોય છે. તે નિષ્ઠાવાન સેવકોના સામ્રાજ્ય સાથે ઊછરેલા. એક નોકર શ્યામ એમને એક રૂમમાં બારી પાસે ઊભા રાખતો અને તેમની આસપાસ કૂંડાળું દોરી દેતો અને એની બહાર નીકળવાથી અનિષ્ટ થશે તેવી સૂચના આપતો. બાળ રવીન્દ્ર ત્યાંથી ખસતા નહીં, પણ બારીનો પડદો સહેજ ખસેડી એકાદ પુસ્તકના ચિત્રની જેમ બહારની સૃષ્ટિ નિહાળતા. બારી બહાર એક હોજ હતો અને વડનું વૃક્ષ હતું. રવીન્દ્રનાથ નોંધે છે :

'દરેક જણની નહાવાની ઢબ પણ મારા ધ્યાનમાં રહેતી. એક માણસ તો પોતાના કાનને આંગળીઓથી દબાવીને પછી હોજનાં ઠરેલાં પાણીમાં ડૂબકાં મારીને ચાલવા માંડતો. બીજો એક માણસ માથાબોળ ડૂબકું ખાવાની હિંમત જ કરતો નહીં, પણ પોતાના માથા પર ભીનો ટુવાલ નિચોવ્યા કરતો. ત્રીજો માણસ પોતાના હાથ ઝડપથી હલાવીને પાણી ઉપરનો મેલ દૂર કરી નાખી પછી એકદમ

ડૂબકું મારી લેતો. બીજો એક માણસ ધીમે પગલે પાણીમાં આગળ વધતો અને મોટેથી સૂત્રોચ્ચાર કરતો હતો. વળી એક તો એવો ઉતાવળિયો હતો કે જેવો ડૂબકાં ખાઈ રહેતો કે તરત ઘર તરફ ચાલવા માંડતો, પણ બીજો એક માણસ આવતો હતો તેને તો સદા શાંતિ જ રહેતી. તે પોતાનું કાર્ય શાંતિથી કરતો. નાહ્યા પછી ઘસીને શરીર લૂછતો પછી ભીનાં કપડાં બદલીને કોરાં પહેરતો. વળી તે બદલેલા ધોતિયાની પાટલી ચીપીને વાળતો. પછી બહારના બાગમાં એક-બે ચક્કર મારી ફૂલ ભેગાં કરીને છેવટે પોતાના શરીરમાંથી સંતોષ પ્રસારતો ધીમે ધીમે ઘર તરફ જતો.'

આ દૃશ્ય પત્યે તે બપોરની શાંતિનો અનુભવ કરતા અને પાણીમાં તરતાં જીવડાં પાછળ તરતાં બતકોને જોતાં. અને તેમનું ધ્યાન વડ તરફ જતું અને તેની વાત કરતાં આગળ એ કહે છે :

'એ ઝાડની કેટલીયે વડવાઈઓ નીચે આવી જમીનમાં ઊંડાં મૂળ નાખી રહી હતી અને તેનાં મૂળિયાં આગળ ગૂંચવણભર્યું ગૂંથણ કર્યું હતું. વિશ્વનિયમો હજી તે ભેદી સ્થાનમાં પ્રવર્તતા નહીં એમ મને લાગ્યા કરતું. જાણે કોઈ પુરાતન જગતની સ્વપ્નમય સૃષ્ટિ પ્રભુની સર્વ સાક્ષી દૃષ્ટિની બહાર જ રહી ગઈ હોય એમ લાગતું હતું!'

બારી પાસેથી બહાર જોયેલા આ વડ ઉપર આગળ પછી એમણે એક કાવ્ય રચેલું :

*"નિશિદિશા દાંડિએ આછ માથાય લપે જટ,*
*છોટે છેલેટિ મને કિ પડે, ઓગો પ્રાચીન વટ?"*

'જેને ડાળીઓમાંથી જાળી જેવી ગૂંથાયેલી વડવાઈઓ લટકી રહેલી છે એવા હે પ્રાચીન વટવૃક્ષ! (તું અહોરાત્રિ હાલ્યાચાલ્યા વગર ધ્યાનસ્થ યોગીની પેઠે રહે છે.) પણ તારા છાંયડા જોડે જેની કલ્પના રમ્યા કરતી તે છોકરો તને સાંભરે છે ખરો!'

એમને ઘરની બહાર જવાની મનાઈ હતી, પણ બારી વાટે પ્રવેશતા ધ્વનિ તેમની અંતરસૃષ્ટિની બારી ખોલીને તેમની ઇન્દ્રિયોને સ્પર્શ કરતી. બારી પાસે, નજરે જે દેખાય છે અને જે દૃષ્ટિગોચર નથી તે પણ આપણા અંતરમનને અડી જાય છે. આ સભાનતા તો બારી પાસે બેઠેલા જણની ઝંકૃત થતી ચેતના ઉપર જ આધારિત હશે ને!

●●●